વન અધિકાર અધિનિયમ-૨૦૦૬
ના અમલ અને પ્રશ્નોની રજૂઆત
માટે રજૂઆત અધિકારીની
નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : વનઅ-૧૫૧૧-૨૭-ચ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ 19 MAR 2011

વંચાણે લીધા :-
વન અધિકાર અધિનિયમ-૨૦૦૬

પરિપત્ર :-

અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન સંબંધી અધિકારોનો સ્વીકાર), અધિનિયમ, ૨૦૦૬ હેઠળ અનુ. જનજાતિ અને પરંપરાગત વનવાસી પરિવારોને રહેઠાણ અને આજીવિકા માટે જંગલની જમીન ખેડવાનો અધિકાર આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમ હેઠળના લાભાર્થીઓના કાયદાકીય અને વહીવટી પ્રશ્નોની રજૂઆત અને તેના નિરાકરણ માટે રજૂઆત અધિકારીની નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે કમિશનરશ્રી (આ.વિ.) બિ.મુ.ભ., ગાંધીનગરને રજૂઆત અધિકારી તરીકે નિમણૂંક આપવામાં આવે છે.

ર. રજૂઆત અધિકારી સમક્ષ ફક્ત કાયદાકીય અર્થઘટન અને વહીવટી પ્રશ્નોની રજૂઆત જિલ્લા સ્તરની સમિતિ મારફત કરવાની રહેશે. ઉદાહરણ સ્વરૂપે નીચે પ્રમાણેના મુદ્દા અંગે રજૂઆત થઇ શકશે.

ક. વન અધિકાર અધિનિયમ અને તેના ઉપરના નિયમોના અર્થઘટનની બાબત.

ખ. નવા ઠરાવો / પરિપત્રોના અર્થઘટન, માર્ગદર્શન તેમના અમલીકરણ માટેની પ્રક્રિયા અને તેમા સુધારા કરવા માટેની જરૂરીયાત બાબત.

ગ. આંતરવિભાગીય સંકલનની બાબતો.

ઘ. રાજયકક્ષાની કોર સમિતિમાં રજૂ કરવાની બાબતો.

ચ. વન અધિકાર અધિનિયમ નીચે રચવામાં આવેલી જુદી જુદી સમિતિમાં કોઇ સભ્ય સહકાર ન આપે. ત્યારે તે સભ્ય અંગે જિલ્લા સમિતિ ઠરાવ કરીને રજૂઆત કરે, તે અંગેની કાર્યવાહી પર વિચારણા કરવા અંગે.

PS - TDD
No. 1220
Date 22-3

છ. જે કિસ્સાઓમાં સેટેલાઇટ ઇમેરીઝમાં મોટી વિસંગતતા હોય કે તે લાગુ ન પાડી શકાય તેવી બાબતો, પરંતુ આ કિસ્સામાં કોઇ વ્યક્તિગત બાબત રજુ કરી શકાશે નહીં.

જ. જિલ્લા સ્તરની સમિતિ મારફત મળેલ ગ્રામ, પ્રાંત કે જિલ્લા કક્ષાએ ઉદ્ભવતા વિશિષ્ટ પ્રશ્નો (Generic Problem) ના માર્ગદર્શન અંગેની બાબતો.

ઝ. પ્રાંત અને જિલ્લા સ્તરની સમિતિઓની કામગીરીને વધારે સંગીન બનાવવા માટેના સૂચનો.

૩. રજૂઆત અધિકારીએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવાની રહેશે.

ક. રજૂઆત અધિકારીશ્રી સમક્ષ વ્યક્તિગત ફરીયાદની રજૂઆત કરી શકાશે નહીં.

ખ. આ કાયદા હેઠળ રચવામાં આવેલી સમિતિઓના નિર્ણય વિરુધ્ધ કોઇ અપીલ અરજી રજૂઆત અધિકારી સમક્ષ કરી શકાશે નહીં.

ગ. આ કાયદા હેઠળ જે સત્તાઓ ગ્રામ્ય / સબ ડીવીઝનલ / જિલ્લા / રાજયકક્ષાની સમિતિને સત્તા સુપ્રત થયેલ છે તે અંગેની કોઇ રજૂઆત આ અધિકારીશ્રીને થઇ શકશે નહીં.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એ. શાહ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

* માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી
માન. રાજયકક્ષા મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી
માન. સંસદીય સચિવશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી
અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
સર્વે કલેકટરશ્રી
સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી
મુખ્ય વન સંરક્ષકશ્રી, ડાં. જી.મે.ભ. ગાંધીનગર
વિભાગના સર્વે અધિકારીશ્રી
વિભાગની સર્વે શાખાઓ
સિલેકટ ફાઇલ.